પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર,
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલરૂમ ફેક્સ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail :cp-spl-vad@gujarat.gov.in

YEARS OF CELEBRATING THE MAHATMA

## જાહેરનામું

ક્રમાક- જી/સીપી/વિ.શા./મ.ન.પા/ચૂંટણી/૫ ૪૯ /૨૦૨૧, તારીખ/ ૧/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪, તથા જી.પી.એક્ટ-૧૯૫૧ ની કમલ-૩૭(૧) અન્વયે**

ગુજરાત રાજ્ય ચુંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા તથા તાલુકા જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ નો કાર્યક્રમ ઈએલસી- સી.ઓ.સી.-૩(૭)-૦૧૨૦૨૧-ક તા.૨૩/૦૧/૨૦૨૧થી જાહેર કરેલ છે તે મુજબ વડોદરા શહેરમાં મહાનગરપાલિકાની મતદાનની તા.૨૧/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૨૩/૦૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે. તથા તાલુકા/ જિલ્લા પંચાયત ની મતદાનની તા.૨૮/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૦૨/૦૩/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે. તે મુજબ ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન પરવાનેદાર વ્યકિતઓને શસ્ત્રો કે હથિયારો સાથે લઈ જવા દેવા ઉપર નિયત્રંણ રાખવાની જરૂર છે.

ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર પ્રયત્નશીલ છે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યકિતને અડચણ, ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

હું ડો.શમશેર સિંઘ, IPS પોલીસ કમિશનર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નં.૨૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ-૧૯૫૧ ની કમલ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, વડોદરા શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળના વિસ્તારમાં યોજાનાર મહાનગરપાલિકા તેમજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારમાં, કોઈપણ વ્યકિત પરવાનો ધરાવતી હશે તો પણ પોતાની સાથે શસ્ત્રો કે હથિયાર લઈ જઈ કે ફરી શકશે નહી.

**આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.**

સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

::- **પ્રતિબંધિત વિસ્તાર** ::-

**વડોદરા શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળના વિસ્તારમાં યોજાનાર મહાનગરપાલિકા તેમજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારમાં,**

-: **અમલવારી** ::-

આ હુકમ તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

D:/spl-2018/special branch/all jahernama-2018/vadodara mahanagara palika-2018

::- <u>જાહેર વિજ્ઞપ્તિ</u> ::-

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છુ. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પો.ઇ., મ.પો.કમિ., ના.પો.કમિ. તથા પોલીસ કમિશ્નરના કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે, તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એક્ટ કલમ.૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૩૧ માર્ચ ,૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશનર,
વડોદરા શહેર

**પ્રતિ,**

(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ(નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ.)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો ધ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**<u>જય ભારતસહ નકલ રવાના :–</u>**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૪) જીલ્લા ચૂંટણી અધિકારી કલેકટરશ્રી**ની કચેરી**, વડોદરા શહેર,વડોદરા.
(૫) ચૂંટણી આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, તથા નોડલ અધિકારીશ્રીઓ
(૬) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૯) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૦) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૧) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૨) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.,વડોદરા.
(૧૩) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા.(ગેઝેટ ભાગ–૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારુ).
(૧૫) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૬) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૭) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૮) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

ર/– સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.

D:/spl-2018/special branch/all jahernama-2018/vadodara mahanagara palika-2018